અપીલ અરજી નં. ૬૧૬/ તા. ૮–૨–૧૨
ફોન નં:–૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી વી.ડી.રાણા
સામાવાળા:–પ્રતિ, એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

## ફરીયાદની હકીકત:–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વી.ડી. રાણાની તા. ૦૫–૦૧–૧૨ની અરજીથી સર્વે નં.૪૮૫, ફા. પ્લોટ નં.૩૮, સબ પ્લોટ નં. ૪૯–અ તથા ૪૯–બ, બહુચરનગર કો.હા.સો.લિ. વેડરોડ,સુરત બાબતે મુદ્દા નં. (૧)સુરત શહેરી વિકાસ સત્તામંડળ સુરતનો લેટર નં. સૂડા/ટેક/ઝો.સર્ટી/૨૬૯૫ તા. ૬–૯–૧૦માં માત્ર ઝોનીંગ સર્ટીફીકેટ ઈશ્વરભાઈ ગોવનભાઈ દેસાઈને આપવામાં આવેલ છે. " બાંધકામ પરવાનગી આપી નથી " તો ત્યાં એપાર્ટમેન્ટ કેવી રીતે બન્યુ, તેનું બાંધકામ કયા પુરાવાને આધારે થયું, આર.સી.સી.નું તે તમામની પુરાવા સહિતની વિગતો સાથે મા.કા. ૨૦૦૫ મુજબ મેળવવા(કેમ તોડી પાડતાં નથી) વિ. મુદ્દા નં. (૧)થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૧૬/૨૦૧૧–૧૨

શ્રી વી.ડી. રાણાની તા. ૦૫–૦૧–૧૨ની અરજીથી સર્વે નં.૪૮૫, ફા. પ્લોટ નં.૩૮, સબ પ્લોટ નં. ૪૯–અ તથા ૪૯–બ, બહુચરનગર કો.હા.સો.લિ. વેડરોડ, સુરત બાબતે મુદ્દા નં. (૧) સુરત શહેરી વિકાસ સત્તામંડળ સુરતનો લેટર નં. સૂડા / ટેક / ઝો.સર્ટી. / ૨૬૯૫ તા. ૬–૯–૧૦ માં માત્ર ઝોનીંગ સર્ટીફીકેટ ઈશ્વરભાઈ ગોવનભાઈ દેસાઈને આપવામાં આવેલ છે. " બાંધકામ પરવાનગી આપી નથી " તો ત્યાં એપાર્ટમેન્ટ કેવી રીતે બન્યુ, તેનું બાંધકામ કયા પુરાવાને આધારે થયું, આર.સી.સી.નું તે તમામની પુરાવા સહિતની વિગતો સાથે મા.કા. ૨૦૦૫ મુજબ મેળવવા(કેમ તોડી પાડતાં નથી) વિ. મુદ્દા નં. (૧)થી (૬)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા સંદર્ભ અરજીઓ– રજુઆતો અંગે થયેલ–નહીં થયેલ કાર્યવાહીની વિગતો અરજીની નકલો સહ સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૭૮૧ તા. ૧૭–૨–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અરજીના મુદ્દા નં.૧ નોર્થઝોનનો પત્ર તા. ૬–૯–૧૦ મુદ્દા નં.૨ તા. ૩૦–૯–૧૦, તા.૨૨–૧૧–૧૧, તા. ૯–૧૦–૧૧, તા. ૧૭–૮–૧૧ની નકલો રજૂ કરવા સાથે મુદ્દાવાર આધાર સહ નારજગીની વિગતો સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી તથા અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૦૫–૦૧–૧૨ની અરજીથી સર્વે નં.૪૮૫, ફા. પ્લોટ નં.૩૮, સબ પ્લોટ નં. ૪૯–અ તથા ૪૯–બ, બહુચરનગર કો.હા.સો.લિ. વેડરોડ,સુરત બાબતે મુદ્દા નં. (૧)સુરત શહેરી વિકાસ સત્તામંડળ સુરતનો લેટર નં. સૂડા/ટેક/ઝો.સર્ટી/૨૬૯૫ તા. ૬–૯–૧૦માં માત્ર ઝોનીંગ સર્ટીફીકેટ ઈશ્વરભાઈ ગોવનભાઈ દેસાઈને આપવામાં આવેલ છે. " બાંધકામ પરવાનગી આપી નથી " તો ત્યાં એપાર્ટમેન્ટ કેવી રીતે બન્યુ, તેનું બાંધકામ કયા પુરાવાને આધારે થયું, આર.સી.સી.નું તે તમામની પુરાવા સહિતની વિગતો સાથે મા.કા. ૨૦૦૫ મુજબ મેળવવા(કેમ તોડી પાડતાં નથી) વિ. મુદ્દા નં. (૧)થી (૬)ની માહિતી આપવા બાબતેની અરજી માહિતી અધિકારી અને ડે.કમિ. સુરત મહાનગરપાલિકાને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જઢ ૧વક/૧૯૧૬ તા. ૬–૧–૧૨થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર કતારગાઝોનને તબદીલ કરવામાં આવેલ. મુદ્દા નં. (૨) કાર્યપાલક ઈજનેર નોર્થઝોન કતારગામઝોનના પત્ર નં. એન.ઝેડ/આ.નં.૪૨૬૩ તા. ૩૦–૯–૧૦માં ઈશ્વરભાઈ ગોવનભાઈ દેસાઈની અરજી નામંજુર કરવામાં આવી છતાં ત્યાં ૪ માળનું આરસીસી એપાર્ટમેન્ટ કેવી રીતે બન્યું, ફલેટો બની વેચાયા કયાં પુરાવા આપ્યા, કોને બાંધકામ પરવાનગી આપી તે તમામની મા.કા.–૨૦૦૫ મુજબ મેળવવા. મુદ્દા નં. (૩) મદદનીશ માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર નોર્થઝોન લેટર નં. એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૫૬૫૧ તા. ૨૨–૧૧–૧૧ પર્સોનલ ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ) અને મદદનીશ માહિતી અધિકારીશ્રીએ તા. ૯–૧૦–૧૧ની અરજી આઈડી. નં.૧૧૩૧(સેન્ટ્રલઝોન)પ્રશ્ન નં. ૧૦

જોવા વિનંતી કરેલ તેનો આજદિન સુધી જવાબ આપ્યો નથી, શું કારણથી, શું પુરાવા મળતાં નથી તે તમામની માહિતી કા.–૨૦૦૫ મુજબ મેળવવા. મુદ્દા નં.(૪) એસ.એમ.સી. નોર્થઝોન કતારગામ તેમના લેટરમાં જણાવેલ છે કે બહુચરનગર કો.હા.સો.વિ.માં સર્વે નં. ૪૮૫, પ્લોટ નં. ૪૯–અ માં પીઠીયાભાઈ હનાભાઈનું તેમજ ૪૯–બ માં ભારતીબેન ઉત્તમરામનું નામ કાયમ માટે ચાલુ રહેશે, જયાં સુધી તમો કોર્ટનો નવો ઓર્ડર લઈને આવશો ત્યાં સુધીની બાંહેધરી આપી છે. તો હવે નવા નામો કોઈના પણ ચઢશે નહિ, વેરાબીલમાં , આકારણી ખાતે, પાણી ખાતે તથા અન્ય ખાતે પણ ચઢશે નહિ તેની સંપૂર્ણ પુરાવા સાથે મા.કા. ૨૦૦૫ મુજબ મેળવવા. મુદ્દા નં. (૫) ઉત્તમરામને ઓરીજનલ પુરાવા લાવવા તા. ૧૭–૮–૧૧નો પત્ર તથા તા. ૨૪–૧૧–૧૧નો પત્ર લખેલ તેમાં ઉત્તમરામ ઓરીજનલ પુરાવા લઈ હાજર થયો કે નહિ, કોઈ પણ જવાબ આપ્યો નહિ, તેની સંપૂર્ણ પુરાવા સાથેની મા.કા.૨૦૦૫ મુજબ મેળવવા.મુદ્દા નં. (૬) તાકીદે એપાર્ટમેન્ટનું બાંધકામ તોડી પાડશો, તેનો તાકીદે જવાબ આપશો, મા.કા. ૨૦૦૫ મુજબ મેળવવા.

જે અંગે અરજદારે ૩૦ દિવસમાં પણ અમુક માહિતીનો પ્રતિભાવ આજદિન સુધી મળ્યો નથી તેવું જણાવી નારાજ થઈ તા. ૮–૨–૧૨ના અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી બન્ને પક્ષકારોને પત્ર પાઠવવામાં આવેલ પરંતુ બન્ને પક્ષકારો તરફથી કોઈ પણ પૂરક વિગતો મળેલ નથી. આથી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પુરી પડાયેલ જણાતી નથી. આરટીઆઈ કાયદાની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી. આમ, અરજદારને માહિતી પુરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૮–૨–૧૨ ધ્યાને લેતાં ૮–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૩–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૫–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલી ન હોઈ, દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–કતારગામઝોન ... જાણ તથા અમલ માટે
(૨)શ્રી વી.ડી. રાણા,